वर्ष : ११ सने : २०१८ सं.२०७५
અંક : ७, સળંગ અંક -८० कारतक नवेम्बर

**Published on Date 22 every month**

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૧ સને ૨૦૧૮ સં.૨૦૭૪

અંક : ૭ નવેમ્બર કારતક/સળંગ અંક-૮૦



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે...
★ જ્ઞાન - ક્રિયા
★ અપાત્રની શું કિંમત ?
★ વાચનમાંથી તારવેલું
★ અનુમોદનાનું અમૃત


## આર્ષવાણી

**अयशोऽकालमरण -**

**दुक्खं वक्त्रविगन्धिता ।**

**लूतातन्तुमुखा दोषा,**

**भवन्ति गुरुनिन्दया ।।**

ગુરુભગવંતની નિંદા કરવાથી અપયશ, અકાલ મરણ, મુખમાં દુર્ગંધ, લૂતાતંતુ (એક પ્રકારનો રોગ) વગેરે દોષો - અનર્થો - પીડાઓ થાય છે.

ધર્મનો - ધર્મીનો નિંદક જીવ વારંવાર નરકમાં અને તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે. તેને માનવનો જન્મ મળતો નથી !



## ★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે... ★★★

“ રસના પર કાબૂ નથી. નિંદા કરવાની ટેવ પડી ગઈ છે. આજે એકનું વાટે, કાલે બીજાનું, પરમ દિવસે ત્રીજાનું, વાટે..... એમ વાટવાનું જ કામ કરે......બસ, વાટવાની જ ટેવ.... ક્યારેય સદ્‌ગુણ ગાવા કે કોઈની પ્રશંસા કરવી, એની તો ટેવ જ નથી...”

- પૂ. ગુરુદેવ આ.ભ.વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા

ઈન્દ્રિયો લગભગ અનાદિકાળથી આડા-અવળા રસ્તે જ દોડે છે. એ જ અભ્યાસના કારણે હાલ પણ માનવજન્મ ને પ્રભુનું શાસન મળવા છતાં હજી એના ઉપર આત્મા કાબૂ મેળવી શક્યો નથી.....! બોલવામાં કે ખાવામાં એક પણ બાબતમાં એ રસના - ઈન્દ્રિય (જીભ) બેકાબૂ બની ગુણીજનના ગુણ ગાવાની જગ્યાએ ; નિર્દોષ (ગુણવાન) ની કે દોષિતની નિંદા કરવામાં એને આનંદ મળતો હોય તેમ કૂદાકૂદ કરે છે ! નિંદા કરનારો પોતાની જીભનો દુરુપયોગ કરે છે. તેના પ્રભાવે આ જન્મમાં તે કોઈકની ગંદકી પોતાની જીભ દ્વારા સાફ કરે છે. ... પરલોકમાં જીભ જ ન મળે તેવા એકેન્દ્રિયના અવતારમાં ચાલ્યો જાય છે !

નિંદાની કુટેવ પડ્યા પછી સામી વ્યક્તિ સ્વજન છે કે દુર્જન તેનો વિચાર કરવા એ ઊભો રહેતો નથી. એ વિવેકહીન આત્મા એમાં જ પોતાની રસનાનો સદુપયોગ ને સફળતા માને છે. આ ખોટી માન્યતા એને વધુ ને વધુ નિંદાના માર્ગે પ્રગતિ કરાવે છે. આ પ્રગતિ તેને ગુણહીન બનાવી અધોગતિમાં લઈ જાય છે. એને નિંદા કરવા માટે રોજ નિમિત્તભૂત વ્યક્તિની શોધ રહે છે. વ્યક્તિ - વ્યક્તિમાં (દરેક વ્યક્તિમાં) દોષજ શોધવાની ટેવ પડી જાય છે. સ્વજન માણસના ગુણ જોવાની તેની દૃષ્ટિ રૂંધાઈ જાય છે. દોષ જોવા માટે ઘણે દૂર - દૂર દૃષ્ટિ પહોંચે છે પરંતુ ગુણને જોવા માટે સાવ નજીક પણ નજર જતી નથી !

હા, અવગુણથી ભરેલો માણસ હોય પણ એ નિંદકને જો એના પર દૃષ્ટિ રાગ હશે તો એના ગુણ જ દેખાશે. નિંદકને સામી વ્યક્તિ પર દ્વેષ હશે તો ગુણવાન માનવનાય અવગુણ જ દેખાશે. આ દૃષ્ટિમાં ઊભી થયેલી વિકૃતિ જ જીવને ગેરમાર્ગે દોરે છે.

સદ્‌ગુણ ગાવા માટે જીભ કરતાં પહેલા હૃદય - દિલ તૈયાર હોવું જોઈએ. દિલના દેવળમાં તમે જેને ન પધરાવી શકો તેના ગુણ ગાવા ક્યારેય તૈયાર નહીં થઈ શકો. ગુણ સ્તુતિ કરવા માટે પ્રથમ નંબરે તમારે તેમના તરફનો દ્વેષ - ભાવ

દૂર કરવો પડશે. બીજા નંબરે તેમના ગુણને તમારા દિલમાં લાવવા પડશે. ગુણીજનના ગુણનો એ માટે પરિચય મેળવવો પડશે. કોઈને પણ પાત્ર - અપાત્રનું પ્રમાણપત્ર આપતાં પહેલાં ખૂબ વિચાર કરવો જોઈએ. એમાં થયેલી ભૂલ આપણને જ અપાત્ર બનાવે છે. પાત્રને અપાત્ર માનવાની જેમ અપાત્રને પાત્ર માનવાની ભૂલ પણ ભયંકર સાબિત થાય છે. અલબત્ત, પાત્રને અપાત્ર માનવામાં લગભગ પાત્રને નુકશાન નથી માત્ર પોતાને જ નુકશાન થાય છે. કારણ, નિંદા કરનારો દૂષિત થાય જ છે પરંતુ અપાત્રની અપાત્રતામાં (તેના તે તે દોષમાં) વધારો થાય છે. પાયામાં ગુણનો દ્વેષ અને દોષ - અવગુણનો રાગઃ બંને પાપ છે.

સામે પક્ષે ગુણનો રાગ ને દોષનો દ્વેષ બંને શુભ છે. ગુણનો રાગ આત્માને ગુણવાન બનાવે છે. દોષનો દ્વેષ આપણને અવગુણથી બચાવે છે. દોષને દૂર કર્યા વગર ગુણ પ્રગટતા નથી, દોષ એ દુર્ગંધ છે, તો ગુણ એ સૌરભ છે. દોષ એ દાવાનળ છે, તો ગુણ એ પાણી છે. દોષ અંધકારરૂપ છે. ગુણ પ્રકાશ સ્વરૂપ છે. દોષ ભૂત (વળગાડ) ના સ્થાને છે, તો ગુણ એ દોષરૂપ ભૂતને ભગાડનાર ભુવાના સ્થળે છે. દોષ એ ઝેર છે, તો ગુણ એ અમૃત છે.દોષ દુર્જન જેવો છે, તો ગુણ સ્વજન જેવો છે. દોષ દુર્ગતિનું કારણ છે, સામે પક્ષે ગુણ સદ્ગતિનું અને મોક્ષનું કારણ છે. એક દોષ અનેક દોષોનો વધારો કરે છે. એક ગુણ અનેક ગુણોને ખેંચી લાવે છે. દોષ એ આત્માનો દુશ્મન છે, તો ગુણ એ આત્માનો મિત્ર છે. દોષ એ ઊંડી ખાઈ છે, તો ગુણ પર્વતની ટોચરૂપ શિખર છે. દોષ એ દૂષણ છે તો ગુણ એ ભૂષણ છે. દોષ એ અડાબીડ જંગલ છે તો ગુણ એ ઉપવન છે. ગુણ-દોષને બરાબર ઓળખીને સાવધાની પૂર્વક સ્વીકાર - ઈન્કાર કરવાનો છે. દોષના નાશ માટે વ્યવસ્થિત આયોજન કરવાની જરૂર છે. દોષ દૃષ્ટિ નીકળી ગયા પછી કોઈની નિંદા કરવાનું મન નહીં થાય. ગુણાનુરાગ પ્રગટ થયા પછી એ ગુણ આપણા જીવનમાં આવતાં ઝાઝી વાર નહીં લાગે.

જાતમાં દોષ શોધવાનો અને પરમાં ગુણ શોધવાનો પ્રયત્ન કરીશું તો આત્મવિકાસમાં પ્રગતિ થયા વગર નહીં રહે. આવા સત્પુરુષાર્થની દિશા પકડી જાતના દોષોને દેશવટો આપવામાં અને ગુણોને પ્રગટ કરવામાં સફળતા વરો,એ જ મંગલકામના.

**- આ.વિ.ભવ્યદર્શન સૂરિ**

ધ



# ★ જ્ઞાન - ક્રિયા ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

અહીં જ્ઞાન શબ્દ સમ્યગ્જ્ઞાનનો વાચક સમજવો. ક્રિયાનો મતલબ સત્ક્રિયા જાણવો. જ્ઞાન અને ક્રિયા તો જીવ માત્રમાં છે. મિથ્યાત્વી હોય કે સમ્યક્ત્વી : દરેક જીવો પાસે જ્ઞાન પણ છે ને ક્રિયા પણ હોય છે; પછી ભલે તે ગમે તે ગતિમાં હોય કે ગમે તે જાતિમાં કેમ ન હોય ! નિગોદના જીવનેય જ્ઞાન હોય છે તે માટે શાસ્ત્રકાર લખે છે : અક્ષરનો અનંતમો ભાગ દરેક જીવનો (નિગોદ માટે પણ) - અવ્યવહાર રાશિમાં હોય તો પણ ઉઘાડો હોય છે. અને શ્વાસોશ્વાસ આદિની ક્રિયા એ જીવોનેય હોય છે. જેમ જેમ ઈન્દ્રિયાદિનો વિકાસ થાય અર્થાત્ એકેન્દ્રિયમાંથી બેઈન્દ્રિય વગેરે આગળ-આગળ જીવ વધતો જાય તેમ તેમ એના જ્ઞાન (અજ્ઞાન - મિથ્યાજ્ઞાન) માં વધારો થતો જાય છે અને જ્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે ત્યારે એ મિથ્યાજ્ઞાન સમ્યગ્જ્ઞાનમાં પરિણમે છે. સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ક્રિયાનો સુમેળ થાય ત્યારે મોક્ષનું કારણ બને છે; માટે આગમાદિ અનેક શાસ્ત્રોમાં કહેવાયું છે કે - **ज्ञानक्रियाभ्यां मोक्षः** (અર્થાત્ જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ પ્રાપ્ત થાય છે.) એક રથનાં બે પૈડાં હોય છેઃ તેમ મોક્ષના માર્ગે ચાલનારા રથનાંય બે પૈડાં છેઃ જ્ઞાન અને ક્રિયા ! એક પૈડાથી ક્યારેય રથ ન જ ચાલી શકે. તે જ રીતે માત્ર જ્ઞાનથી કે માત્ર ક્રિયાથી ક્યારેય મુક્તિ ન જ મળે.

આ માટે શાસ્ત્રમાં આવતો એક શ્લોક વિચારીએ.

**अध्वस्तबीजोऽपि पुमान् विधते, क्रियाविहीनो नहि वंशवृद्धिम् ।**
**विना पुमांसं न तु साप्यवन्ध्यां; योगे द्वयोः स्यात्पुनरिष्टसिद्धिः ।।**

અર્થાત્ - પુરુષ નિર્બીજ ન થયો હોય તો પણ ક્રિયા કર્યા વગર વંશવૃદ્ધિ (પુત્રપ્રાપ્તિ) કરી શકતો નથી. તે જ રીતે પુરુષ વગર અવંધ્યા સ્ત્રી પણ પુત્રને જન્મ આપી શકતી નથી. બંનેનો યોગ થાય તો જ એ સિદ્ધિ થઈ શકે છે.

તે જ રીતે બીજું દૃષ્ટાંત જોઈએ. એક જંગલમાં આગ લાગી . ત્યાં એક આંધળો અને એક પાંગળો ફસાયા છે. આ બંને જણા સ્વતંત્ર રીતે અગ્નિથી બચવા માટે સક્ષમ નથી. જંગલ પાર કરવાય સક્ષમ નથી. પરંતુ જો આંધળાના ખભા પર

પાંગળો બેસી જાય ને પાંગળાના કહ્યા પ્રમાણે આંધળો ચાલે તો બંને જણા આગ અને જંગલ બંનેને ઉલ્લંઘી પાર ઊતરી જાય છે.

હજી વધારે એક દાખલો લઈ સમજીએ. ગમે તેટલું તીક્ષ્ણ ધારદાર શસ્ત્ર હોય પરંતુ યોદ્ધા વિના દુશ્મનને હણી શકતું નથી. તે જરીતે શસ્ત્ર વિના યોદ્ધો પણ દુશ્મનને ભગાડી શકતો નથી કે ભેદી શકતો નથી. બંનેના યોગથી જ રણવિજય મેળવી શકાય છે. આવાં તો બીજાં પણ અનેક દૃષ્ટાંતો વિચારી શકાય.

જ્ઞાનથી જાણકારી જરૂર મળે છે પરંતુ એ જ્ઞાન પ્રમાણે ક્રિયા ન થતી હોવાથી એનું ફળ પ્રાપ્ત થતું નથી. તે જ રીતે જ્ઞાન મેળવ્યા વગર ક્રિયા કરવામાં આવે તો અજ્ઞાનતાવાળી ક્રિયામાં ગરબડ હોવાથી પણ ઈષ્ટફળની પ્રાપ્તિ થતી નથી.

શાસ્ત્રકાર ભગવંતો એમ પણ જણાવે છે કે - ક્રિયાવાદી નિયમા ભવ્ય જ હોય, નિયમા શુક્લપાક્ષિક જ હોય છે. વળી, એ ભલે હાલ સમ્યગ્દષ્ટિ હોય કે મિથ્યાદૃષ્ટિ હોય, એક પુદ્ગલપરાવર્તમાં તેની મુક્તિ થાય જ છે. જ્યારે અક્રિયાવાદી ભવ્ય હોય કે અભવ્ય પણ તે નિયમા કૃષ્ણપાક્ષિક જ જાણવો.

એટલે જ તો શાસ્ત્ર લખે છેઃ જેની મુક્તિ નજીક છે તેવા આત્માઓને જ ક્રિયારુચિ હોય છે, વિધિનો પરિણામ હંમેશા હોય છે. જ્યારે વિધિનો ત્યાગ અને અવિધિનો રાગ અભવ્ય - દુર્ભવ્યોને હોય છે. વિધિનો યોગ થયો હોય તે, વિધિપક્ષના આરાધકો (વિધિના પક્ષપાતવાળા), વિધિ ઉપર બહુમાન ભાવવાળા અને વિધિપક્ષને દૂષિત નહીં કરનારા જીવો ધન્યવાદને પાત્ર છે.

શ્રદ્ધાળુ જીવ શક્તિમાન હોય તો વિધિપૂર્વક જ તમામ અનુષ્ઠાનો કરે છે. ક્યારેક તેવા પ્રકારનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળાદિના યોગે વિધિપૂર્વક ન જ થાય તો વિધિનો પક્ષપાત તો ન જ છોડે.

કેટલાક જીવો જ્ઞાનથી જ મોક્ષ મળી જશે એવું માને છે, તો કેટલાક જીવો માત્ર ક્રિયા- અનુષ્ઠાનથી જ મોક્ષ મળી જશે; એવું માને છે. આ બંનેની માન્યતા મિથ્યા છે. જ્ઞાન વગર ક્રિયા; સુક્રિયા કે સત્ક્રિયા ક્યાંથી બને ? ક્રિયા વગરનું જ્ઞાન તો કોઠીમાં રહેલા 'બીજ' જેવું ગણાય. કોઠીમાં રહેલા બીજને યોગ્ય ભૂમિમાં વાવવામાં ન આવે, એની યોગ્ય માવજત કરવામાં ન આવે, સમયે સમયે ખાતર - પાણી વગેરે આપવામાં ન આવે તો તે ક્યાંથી ઊગે ? એનું યોગ્ય ફળ ક્યાંથી મળે?

ધ



## ★ અપાત્રની શું કિંમત ? ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શન સૂરીશ્વરજી મહારાજા**

હાથમાં આવેલો પદાર્થ ગમે તેટલો સારો કેમ ન હોય ? એની કિંમત ત્યારે જ નક્કી થાય કે કેવી વ્યક્તિના હાથમાં આવ્યો છે ? જેના હાથમાં આવ્યો છે તે યોગ્ય છે કે અયોગ્ય ? વ્યક્તિની યોગ્યતા - પાત્રતા ન હોય તો સારામાં સારી વસ્તુ પણ વ્યર્થ જાય છે. મતલબ તો એ થયો કે વસ્તુ કરતાં વ્યક્તિની કિંમત વધારે ગણાય છે. વસ્તુની સાથે વ્યક્તિનું પણ મૂલ્ય છે.

જેમ કે અઢળક પૈસો મળી ગયો પણ મમ્મણ જેવા કૃપણના હાથમાં આવ્યો. ઘણીવાર એવું લાગે કે - કાગડા જેવા પક્ષી પાસે જે ઉદારતા છે, જ્ઞાતિપ્રત્યે સ્નેહ - પ્રેમભાવ છે તેવો ભાવ માનવમાંય જોવા મળતો નથી. જગતમાં લુચ્ચું ગણાતું પક્ષી કાગડો છે. કાળા રંગથી લઈ, કા..કા કરવાનો સ્વભાવ, ચાંદુ પાડવાનો, ચાંદુ પડ્યું હોય તો તેને વધારવાનો, આંખાદિ અવયવો પર જ પ્રહાર કરવાનો...આવા અનેકાનેક અવગુણોના કારણે ફિટકારને પામેલો, અળખામણો બનેલો તે કાગડો એક ગુણ તો ધરાવે છે. જો કે આવા તો બીજાય ઘણા ગુણો તેનામાં હશે - છે. પરંતુ અવગુણોની માત્રા વધારે દેખાતી હોવાથી ગુણો ઢંકાઈ જાય છે, ગુણોની નોંધ લેવાતી નથી.

એ કાગડામાં જમાડવાનો ગુણ મોટો છે. કાગડો પોતાને મળેલી ખાવાની ચીજ ક્યારેય એકલો નહિ ખાય. એ પોતાની કા ક...કા ક...ની ભાષા દ્વારા પોતાના જાતિબંધુઓને બોલાવીને બધાની સાથે ખાય છે. દરેક જીવોમાં કાંઈક ને કાંઈક ખાસિયત (ગુણ) હોય છે. અંદર - અંદર લડવા - ઝઘડવાનું થયું હોય તોય એ બધાને બોલાવીને જમાડીને જમે છે !

કંજુસના હાથમાં પૈસા આવે તો શું કામના? ન તે પોતે વાપરશે... ન દાન આપશે... ન બીજાને વાપરવા દેશે. માત્ર સાચવીને, સંરક્ષણાનુબંધી રૌદ્ર ધ્યાન કરીને નરકાદિ દુર્ગતિમાં ચાલ્યો જાય છે. આ કંજુસાઈ નામના અવગુણના પ્રભાવે જ મમ્મણ શેઠ સાતમી નરકમાં રિબાય છે! ૩૩ સાગરોપમ સુધીનાં જાલિમ દુઃખો ભોગવશે. બેસીતમ યાતનાઓનો ભોગ બનશે...!

લાભ-નુકશાનનો વિચાર કરવા માટે પાત્ર - અપાત્ર બંનેને સમજવાં જરૂરી છે, બંનેની જાણકારી જરૂરી છે. એ જાણકારી મળ્યા પછી જ પાત્રની સાચી કિંમત ખ્યાલમાં આવશે. પાત્રનો વિશિષ્ટ મહિમા મગજમાં ગોઠવાશે. જગતમાં કે

જૈનધર્મમાંઃ બંને જગ્યાએ પાત્રને ખૂ જ મહત્ત્વ અપાયું છે. અપાત્રની કે અપાત્રને મળેલી ચીજની કોઈ કિંમત નથી. આગળ વધીને એમ કહેવાશે કે - અપાત્ર કે અપાત્રને મળેલી સામગ્રી લાભ ન થવા દે તે વાત તો છોડો....નુકશાનકારક પુરવાર થાય છે.

કંજુસની જગ્યાએ ઉદારદિલ વ્યક્તિના હાથમાં પૈસા આવે તો ? સ્વ-પર ઉભયને લાભ કરનાર થાય છે. દાનાદિનો સ્વભાવ એ ઉદાર આત્માને હોવાથી તેની દુર્ગતિ થતી નથી. પરિગ્રહ સંજ્ઞા કે લોભ કષાય તેને પરેશાન કરતો નથી. એ ધન - વૈભવ દ્વારા પરિગ્રહનું કે લોભનું પાપ (દોષ) વધવાની જગ્યાએ ત્યાગાદિ ગુણોની વૃદ્ધિ  થાય છે. (ધનના) રાગનો ત્યાગ અને ત્યાગનો રાગ પ્રગટે છે, જે આત્માને આગળ -આગળના ગુણો પ્રગટ કરાવવામાં મદદ કરે છે.

ચોરને મળેલી બુદ્ધિ ; ઉભયને નુકસાનકારક બને છે. શાહુકાર સજ્જનને મળેલી બુદ્ધિ : સ્વ - પર ઉભયને લાભ દાયક બને છે. માનવને હાથ મળે પરંતુ તે હાથ પરસ્ત્રીનાં સ્તનાદિમાં લંપટ બને તો શું કામના ? તે જ રીતે હાથનો ઉપયોગ જો શરણાગતજીવના ઘાત માટે કરતા હોય તો શું ફાયદો ? જે હાથ પારકા ધનને લૂંટવા - ઝૂંટવાનું કામ કરતા હોય તો કયો લાભ ? વળી, ભિક્ષાપાત્ર (ચપ્પણિયું) લઈને ભીખ માંગતો હોય એવા હાથ મળે તો તેની સફળતા નથી, માત્ર નિષ્ફળતા જ છે. આવું સંસ્કૃતનાં સુભાષિતો દ્વારા કહેવાયું છે.

શાસ્ત્રનું જ્ઞાન જો શેઠને મળે તો લાભ ન જ થાય, તેનો દુરુપયોગ કરીને એ શાસ્ત્રનેય શસ્ત્ર બનાવી દેશે; કારણ કે એ સ્વપરઃ ઊભય જીવોને દુઃખ-દુર્ગતિનું સાધન બને છે. રૂપ ગમે તેટલું સારું મળે પરંતુ ગુણ કે પરાક્રમ જેવું ન હોય તો એ રૂપ શું કામનું ? તે જ રીતે આપત્તિના સમયે કામ ન આવે તેવા મિત્રથી પણ શું ફાયદો ?

સરળ-નિર્દંભ-સજ્જનને જો શાસ્ત્ર ભણાવવામાં આવે તો કંઈ-કેટલાય જીવોને લાભનું કારણ બને. એ જ્ઞાન મેળવનારો આત્મા તો આત્મકલ્યાણના માર્ગે આગળ વધે જ. સાથે સાથે એના સહવાસમાં આવનારા યોગ્ય જીવોને પણ એનાથી ફાયદો થાય છે. એ જીવો પણ ગુણવૃદ્ધિના માર્ગે આગળ  વધે છે.

જેના દિલમાં પરોપકારનો ભાવ રહેલો હોય,  બીજાનાં દુઃખો દૂર કરવાની મનોવૃત્તિ હોય તેવાને હાથ મળી જાય તો પડેલાને તે ઊભો કરશે. પડતાને બચાવશે. સંસારના સાગરમાં ડૂબતા જીવનો હાથ પકડીને તે ઉગારી લેશે. વૃદ્ધનો હાથ પકડીને



ચાલશે-ચલાવશે. આંધળાની લાકડી તે બની શકશે. નાના બાળકને આંગળી પકડીને ચાલતાં શીખવશે. સેવા કરીને શાતા આપશે, તેનાં દુઃખ દૂર કરશે. ધન સાથે ઉદારતા હશે તો દાન આપશે. ભક્તિભાવ હશે તો ભગવાનની પૂજા - સેવાદિ કરશે. શરણે આવેલા જીવની સુરક્ષા કરશે. દુર્જને કોઈને પકડ્યો હશે તો એ વચમાં રહીને છોડાવશે, એ હાથથી ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી આપશે.

સજ્જનને ધન મળ્યું હશે તો સુપાત્રમાં દાન આપશે. દરિદ્રતાથી પીડાતાની દરિદ્રતા દૂર કરશે. દેવાદાર વ્યક્તિનું દેવું દૂર કરશે. ધન દ્વારા પુણ્યનાં કાર્યો કરશે. સુકૃતો દ્વારા પુણ્યનાં અઢળક કાર્યો કરશે. અયોગ્ય - અપાત્રના હાથમાં ધન આવી જાય તો પાપના ગંજ જ ખડકશે.

મિત્રનો સાચો અર્થ જ એ છે કે - આપત્તિમાં પડખે આવીને ઊભો રહે, મિત્રની પરીક્ષા આપત્તિના સમયમાં જ થાય છે. સંપત્તિમાં બધા જ સગા થઈ જાય છે. વિપત્તિ આવે ત્યારે લગભગ  બધા દૂર ભાગી જાય છે.

મધમાખીના જીવનમાં ડોકિયું કરો તો જાણવા મળશે કે તે માખીઓ માત્ર મધનો સંગ્રહ કરે છે. તે સ્વયં એ મધ ખાતી નથી કે દાન પણ   કરતી નથી...! પરિગ્રહસંજ્ઞાની માત્ર પુષ્ટિ કરે છે. રાગ-આસક્તિના પાપમાં વધારો કરે છે. મન વગરના જીવો પણ આ રીતે ભયંકર પાપ બાંધે છે. પાપના પ્રભાવે ભવભ્રમણ વધારે છે. આ જ રીતે કેટલાક માનવો ધનનો માત્ર સંગ્રહ કરીને પરિગ્રહસંજ્ઞાનો શિકાર બને છે. રાગ-આસક્તિ-રતિ નામના પાપના ભારથી ભારે થઈ દુર્ગતિના ખાડા પૂરવાનું કાર્ય કરે છે. એ જીવો ક્યારેય દાન આપી શકતા નથી. મમત્વ છૂટે તો  દાનધર્મના ભાવ જાગેને ? મમત્વ અને ઉદારતા-ત્યાગઃ બંને વિરોધાભાસી છે, દુશ્મન છે. સાથે ન રહી શકે. ત્યાગ હોય તો મમત્વ ન હોય, મમત્વ હોય તો ત્યાગ-દાન ન થઈ શકે. એ બિચારા જીવો ખાઈ પણ નથી શકતા કે ભોગવી પણ નથી શકતા. પરિગ્રહના ભારવાળા બને છે, સાથે ક્લિષ્ટ પાપના ભાર નીચે દબાય છે.

જ્ઞાન મળ્યા પછી એનો મદ(ગર્વ) કરે પણ એ જ્ઞાનનો સદુપયોગ ધર્મના આચરણ માટે ન કરે તો શું મતલબ? શું લાભ ? બીજાને પરેશાન કરવા માટે બુદ્ધિ - જ્ઞાનનો ઉપયોગ થાય તો નુકસાન જ થાય. ' સા વિદ્યા યા વિમુક્તયે'  આ સૂત્ર તો સ્કૂલોમાંય લખેલું જોવા મળે છે. જૈન-અજૈન તમામને માન્ય આ સૂત્ર છે. એનો ભાવાર્થ એ છે કે  જે વિદ્યા - જ્ઞાન વિમુક્તિ - મોક્ષ માટે થાય તે  જ સાચી વિદ્યા છે.

બાકીનું જ્ઞાન ભારરૂપ કે બોજારૂપ છે. ગધેડા ઉપર જ્ઞાનનાં ગમે તેટલાં પુસ્તકો ગોઠવો તેને તો માત્ર ભારરૂપ જ છે ! ચંદનના લાકડાં એની પીઠ પર ભરો તોય એને ભાર જ વેઠવાનો, ચંદનની શીતલતા હરગિજ નહીં. અવિવેકી પશુ - જાનવર આવાં કાર્યો કરવા મજબૂર હોય છે. માનવ તો બુદ્ધિશાળી - વિવેકી (જ્ઞાન હોય, સમજ હોય તો વિવેક આવવો જ જોઈએ.) હોવાથી એ તો ફળ મેળવી શકે છે. ફળ મેળવવા માટે જ એનો પ્રયત્ન હોવો જોઈએ. નિષ્ફળ પ્રયત્ન થાય તો પશુ અને માનવમાં ક્યાંથી ફરક ગણાય ? એ માનવ શિંગડાં અને પૂંછડાં વગરનો પશુ જ ગણાશે.

નીચ માનવોને લક્ષ્મી-શ્રીમંતાઈ મળે તો વ્યર્થ જ ગણાય. પર્વત પર વરસાદ ગમે તેટલો થાય નિરથર્ક સાબિત થશે.(સારા, કાળી માટીના ખેતરમાં વરસાદ થાય તો વાવેલા બીજને લાભદાયક થાય. મબલખ પાક થવાથી ખેડૂત કમાય અને લોકોને સસ્તું - સારું અનાજ પણ મળે. બાકી પર્વત પર ગમે તેટલું પાણી વરસે તો તે વહ્યું જશે. ઉપયોગી નહીં બને. એ પાણી નદી-નાળામાં જશે તો પૂર આવશે. વિનાશનું કારણ બનશે.)

માનવે પોતાને મળેલી પ્રજ્ઞાને કામે લગાડી વિચાર કરવો જોઈએ. વાસ્તવિક તત્ત્વનો વિચાર એ જ બુદ્ધિનું સાચું ફળ છે.માટે જ તો શાસ્ત્રકાર લખે છે : 'બુદ્ધે : ફલં તત્ત્વવિચારણં ચ' યોગ્ય શક્તિ મળવા છતાં તેનો ઉપયોગ ન કરે તોય ખોટું છે, તે જ રીતે અયોગ્યને શકિત મળે તોય નુકશાનકારક છે.

સિંહણનું દૂધ મળે પણ સુવર્ણનું પાત્ર ન મળે તો ? બીજા પાત્રમાં એ દૂધ ન જ ટકે ! એ જ રીતે સુવર્ણના પાત્રનો ઉપયોગ દારૂ ભરવામાં કરે તોય મૂર્ખતા જ ગણાયને ?

ધ

## ★ અનુમોદનાનું અમૃત ★★★

**- સંકલન**

પૂજ્યપાદ જ્ઞાનદાતા ગુરુદેવ ધર્મતીર્થપ્રભાવક, સિદ્ધાંતસંરક્ષક આ.ભ. શ્રીમદ્ વિજયમિત્રાનંદાસૂરીશ્વરજી મહારાજાની હયાતિબાદ (ગેરહાજરીમાં) તેઓશ્રીજીના કૃપાપાત્ર પટ્ટધર આગમ - શિલ્પ - વિધિવિધાનવિશારદ પૂ.આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ છેલ્લા ૧૫ વર્ષથી ધર્મદૂતના, માધ્યમથી જ્ઞાન દાનનું કાર્ય સફળ રીતે સંભાળી રહ્યા છે. પ્રત્યેક અંકમાં નવા -



નવા આગમ - પ્રકરણાદિ ગ્રંથોના જટિલ પદાર્થો સરળ શૈલીમાં પીરસી રહ્યા છે. જ્ઞાનદાન એવું કરે છે કે, પૂજ્યપાદ ગુરુદેવની ખોટ સાલવા નથી દીધી. નિત નવા વિષયોના ચિંતનપૂર્ણ લેખોનાં માધ્યમથી તત્ત્વની વાતોને રસાળ અને રોચક - બોધક શૈલીથી આલેખી રહ્યા છે. ગુરુકૃપાના પ્રભાવે આ કાર્ય અત્યંત નિયમિત રીતે સંભાળી રહ્યા છે.

પૂજ્યશ્રીની લેખનની શૈલીની જેમ જ પ્રવચન શૈલી પણ વિશિષ્ટ છે. પ્રવચનમાં શાસ્ત્રીય વાતો પીરસવાની પદ્ધતિ અનોખી છે. શ્રોતાને જકડી-પકડી રાખે છે. દરેક વાતોનું ઊંડાણ તેઓશ્રીનાં પ્રવચનોમાં જાણવા - માણવા મળે છે. અવાજ બુલંદ અને સ્પષ્ટ છે. આબાલ વૃદ્ધ સૌને ગ્રાહ્ય બને, મગજમાં સહેલાઈથી ફીટ થઈ જાય તેવી રીત છે.

આ વખતે પૂનામાં પણ આ પ્રવચનશૈલીનાં ભરપૂર વખાણ થઈ રહ્યાં છે. શ્રીભગવતીજી સૂત્રના ગહન વિષયોને પણ બિલકુલ કંટાળો ન આવે, રસ પડે એવી લાક્ષણિકશૈલીથી સમજાવી રહ્યા છે. તે જ કારણે પર્વાધિરાજની વિદાય થયા પછી પણ પ્રવચનમાં સંખ્યા સારી જળવાઈ રહી છે !

અહીં ચાતુર્માસ બિરાજમાન પૂ.સા.શ્રીભદ્રિકાશ્રીજી આદિ ઠાણાં,પૂ.સા.શ્રી ભવ્યરત્નાશ્રીજી મહારાજ આદિ ઠાણાં તથા પૂ.સા.શ્રીહિતપૂર્ણાશ્રીજી મહારાજ આદિ ઠાણાં મળી લગભગ (ત્રણ ગ્રુપનાં મળી) ૩૦ ઠાણાં છે. તેઓ પણ વ્યાખ્યાનમાં સારો રસ ધરાવે છે. ઉપરાંત મહાનિશીથના બે અધ્યયનની, ઉત્તરાધ્યયનના સત્તરમા અધ્યયન વગેરે ઉપર ખાસ વાંચનૉ ગોઠવાઈ. વધુ ને વધુ વાચના માટે માંગણી આવી રહી છે. અનેક જવાબદારી વચ્ચે પણ પૂજ્યશ્રી બધાને સંતોષ આપી રહ્યા છે.

પૂ.સાધ્વીજી ભગવંતોનાં શ્રેણીતપ આદિ વિવિધ તપોની પૂર્ણાહુતિ નિમિત્તે પણ અનુષ્ઠાનો ગોઠવાય છે, કાર્યક્રમો થાય છે. પૂ.સા.શ્રીઋજુરત્નાશ્રીજી મહારાજના શ્રોણિતપ નિમિત્તે શ્રમણગુણ પૂજા (દશવિધ યતિધર્મ ઉપર પૂ.પં.શ્રી મોક્ષરતિ વિ.મ.ની રચેલી) આસો વ ૮ ના દિવસે ભણાવાઈ. સંગીતકારોએ પણ સુંદર રંગ જમાવ્યો હતો.

આસો માસની શાશ્વતીઓળી શા. ખુમાજી માનાજી સંઘવી પરિવારે ખૂબ જ ઉદારતા ને ઉલ્લાસથી કરાવી. રોજના નવપદનાં પ્રવચનો તથા છેલ્લે થતી

ધ્યાન - સંવેદનાથી તો ભાવિકો વિશેષ આકર્ષિત થયા. ઓળીવાળા તપસ્વીઓની સંખ્યા લગભગ ૧૮૦ હતી. ઓળી કરાવનાર ભાગ્યશાળી પરિવાર તરફથી આસો સુ. ૧૨ તા. ૨૧-૧૦-૨૦૧૮ રવિવારે શ્રીસિદ્ધચક્રમહાપૂજન ભણાવાયું. જીવદયામાં રૂ. ૨૭૦૦૦ લખાવ્યા. ટીપ સારી થઈ.

આસો. વ. ૧ ના દિવસે ઓળીનાં પારણાં કરાવ્યાં. પારણાં સમયે ચાંદીનો સિક્કો (૧૦ ગ્રામ) દરેકને બહુમાનરૂપે પ્રદાન કર્યો. સાથે એ પરિવારના દિકરી-જમાઈ તરફથી 'મિત્ર-આનંદ દેવવંદન માળા સંપુટ' ની પ્રભાવના અપાઈ હતી. પારણાં ઠાઠથી કરાવ્યાં.

આસો વ. ૦)) તા. ૭-૧૦-૨૦૧૮ બુધવાર દિવાળીના દિવસે સાંજે ૫-૧૫ કલાકે ૭૨ દીવા, ૭૨ ફળ, ૭૨ નૈવેદ્ય વગેરેની રચના સાથે સવાલાખ અખંડ અક્ષતનો સ્વસ્તિક, નિર્વાણ મોદક, ૭૨ દીવાની આરતીનું અનુષ્ઠાન કરાવાયું. પૂજ્યશ્રીના ઉપદેશથી સંઘમાં પહેલી વાર અનુષ્ઠાન થયું. આરતી-મંગળદીવો-સ્વસ્તિક-મોદકનાં ચઢાવા બોલાયા. વિશાળ જિનાલય આખું ભાવિકોથી ભરાઈ ગયું હતું ! બધાને લાભ મળે તેથી ખર્ચની સામુદાયિક ટીપ કરવામાં આવી હતી.

દિવાળીના છટ્ઠ માટે પ્રેરણા કરતાં સંઘમાં લગભગ ૧૭૦ છટ્ઠ થયાં. પારણાં વાત્સલ્ય ગ્રુપ તરફથી સમૂહમાં જ કરાવાયાં . દરેકને રૂપિયા ૧૦૦-૧૦૦ ની પ્રભાવના પણ અપાઈ.

નૂતન વર્ષના માંગલિક સમયે (આ વખતે પૂજ્યશ્રીના માર્ગદર્શનથી લખાવેલ સુવર્ણાક્ષરીય નવસ્મરણ, ગૌતમ સ્વામીરાસ તથા બારસાસૂત્રની પ્રત શ્રીસંઘમાં વસાવી) નવસ્મરણની પ્રત વહોરાવવાનો ચઢાવો થયો. માતબર રકમથી શ્રાદ્ધવર્યશ્રી વીરચંદજી હુકમાજી સંઘવી(રામલાલજી- ધર્મવીરપરિવાર) એ ચઢાવો લીધો હતો. નવસ્મરણ થયાં બાદ; આયંબિલ ખાતામાં પડતા તોટાને પહોંચી વળવા ટીપ થઈ. તેમાં લગભગ છ લાખ રૂપિયા ભેગા થયા. ચાતુર્માસ પરિવર્તન માટે ઘણી વિનંતીઓ થઈ. જ્ઞાનપંચમીએ એની 'જય' બોલાવાશે.

હવે જ્ઞાન પંચમીને દિવસે પણ ૫૧ સાથિયા - નૈવેદ્ય -ફળ વગેરે યુક્ત અનુષ્ઠાન પૂર્વક દેવવંદનની આરાધના થશે.

(ક્રમશ : ) ધ



## પોરબંદરના ખારવા સમાજની ૨૦૪ વર્ષ જૂની અનોખી ન્યાયપ્રથા

'ભૈરવનાથનાં સોગંદ ખાઈને કહું છું, જે કાંઈ બોલીશ તે સાચું બોલીશ'

પોરબંદર , તા.૨૫

'ગીતા ઉપર હાથ રાખીને સોગંદ ખાઉ છું કે, જે કાંઈ કહીશ તે સાચું કહીશ, સાચું સિવાય કશું બોલીશ નહીં' સામાન્ય રીતે કોર્ટમાં આવા સોગંદ લેવડાવી જુબાની લેવાની શરૂઆત કરવામાં આવે છે. પરંતુ અહીં ભૈરવનાથના સોગંદ લેવડાવવામાં આવે છે. તેમનું મંદિર પણ ન્યાય મંદિરમાં જ આવેલું છે. પ્રશ્ન નાનો હોય કે મોટો સમાજની કોઈ વ્યક્તિ કોર્ટમાં જતી નથી.

**પ્રશ્ન નાનો હોય કે મોટો સમાજની કોઈ વ્યક્તિ કોર્ટમાં જતી નથીઃ પંચાયત મંદિર (મઢી) જ અદાલત ને ત્રણ મુદ્દતમાં કરાતો ફેંસલોડ**

પંચાયત મંદિર(મઢ) જ તેમને માટે અદાલત છે, અને તેમનો ફેંસલો સૌને સ્વીકાર્ય હોય છે. પોરબંદરનાં ખારવા સમાજમાં ૨૦૪ વર્ષ જૂની ન્યાયપ્રથાની આ રસપ્રદ વાત છે. જેના ઉપર આજે પણ સમાજનાં લોકોને અતૂટ વિશ્વાસ છે.

ખારવા પંચાયત મંદિરની સ્થાપના તા.૧૦.૭.૧૮૧૪ ના રોજ કરવામાં આવી હતી. આ અગાઉના બે સૈકાઓ દરમ્યાન પણ અહીંયા ન્યાય થતો જ હતો. પરંતુ કાયદેસરની સ્થાપના ઈ.સ. ૧૮૧૪માં થઈ. આ પંચાયત મંદિરના પ્રથમ વાણોટ માવા વશરામ ગોઢાવારા હતાં.

**વાણોટની પસંદગીની પ્રક્રિયા**

વાણોટની પસંદગી પ્રક્રિયા પણ ખૂબ જ રસપ્રદ હોય છે. કુલ નવ ડાયરાઓ હોય છે. દરેક ડાયરાના મળીને કુલ ૨૭ લોકો દ્વારા પ્રમુખની ચૂંટણી (વરણી) કરવામાં આવે છે. હાલમાં પ્રેમજીભાઈ ખુદાઈ પંચાયત મંદિરના પ્રમુખ તરીકે ૧૮મી વખત ચૂંટાયા છે. આ અગાઉ તેઓએ ૧૬ વર્ષ અને મનજીભાઈ દેવજીભાઈ ગોહેલે ૧૪વર્ષ સુધી પ્રમુખપદ શોભાવ્યું હતું. ખારવા સમાજની ૧૨ મુખ્યજ્ઞાતિ અને પેટા જ્ઞાતિઓનું મુખ્ય ન્યાય મંદિર અહીં પોરબંદર ખાતે આવેલું છે. જે રીતે જિલ્લા મથકે આવેલા ન્યાયાલયો કરતાં હાઈકોર્ટનું મહત્ત્વ વધુ હોય છે તેમ અન્ય શહેરોના ન્યાય મંદિરો કરતા પોરબંદરમાં આવેલું ખારવા સમાજનું ન્યાય મંદિર મુખ્ય અને મહત્ત્વનું છે.

**ભૈરવનાથના સોગંદ :** ખારવા સમાજના લોકો મુખ્યત્વે પોતાની સમસ્યાઓનાં

સમાધાન માટે અહીં જ આવે છે. અહીં ન્યાયની પદ્ધતિ પણ ખૂબજ રસપ્રદ છે. કોઈ પણ કેસ આવ્યો હોય ત્યારે બંને પક્ષોના મુખ્ય લોકોને ભૈરવનાથના સોગંદ લેવડાવવામાં આવે છે. ભૈરવનાથનું મંદિર પણ ન્યાય મંદિરમાં જ આવેલું છે. **ખારવા સમાજના ૯ ડાયરા :** (૧) શ્રી મઢીનો ડાયરો (૨) શ્રી ગોયાનો ડાયરો (૩) શ્રી કાઠાનો ડાયરો (૪) શ્રી દેલવાડીનો ડાયરો (૫) શ્રી કાજીપીરનો ડાયરો (૬) શ્રી રામદેવજીનો ડાયરો (૭) શ્રી હરદાસનો ડાયરો (૮) શ્રી મઠનો ડાયરો (૯) શ્રી મનજી ભુવાનો ડાયરો. **દરેક પક્ષકારને બોલવાનો હક :** સોગંદ લેવડાવ્યા બાદ બંને પક્ષોના વ્યક્તિઓની વાત પૂરેપૂરી દલીલો સાથે સાંભળવામાં આવે છે. દરેક પક્ષકારોને બોલવાનો હક્ક આપવામાં આવે છે. ત્યારબાદ બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ટ્રસ્ટીઓ અને વાણોટ દ્વારા ચર્ચા કરીને છેવટે ફેંસલો સંભળાવવામાં આવે છે. **ત્રણ બેઠકમાં પ્રશ્નોનું નિવારણ :** વધુમાં વધુ ત્રણ બેઠકોમાં જ ગમે તેવા જટીલ પ્રશ્નોનો ફેંસલો આપી દેવામાં આવે છે. જે ફેંસલો કરવામાં આવે છે તે બંને પક્ષકારોના માથે ચડાવે છે. દરરોજ ૧૧ થી ૧ વાગ્યા દરમ્યાન બંને પક્ષકારોના કેસની ચર્ચા થાય છે. રવિવારે સામાન્ય દિવસો કરતાં વધુ કેસો આવતા હોઈ સમયમાં જરૂરિયાત મુજબ ફેરફારો કરવામાં આવે છે. **કેસની તપાસ માટે મુકાદમ :** આ બધી વ્યવસ્થાઓ સંભાળવા તથા કેસની તટસ્થતાપૂર્વક તપાસ કરી સાચી માહિતી જાણવા માટે બે સિપાઈ કે જેને મુકાદમ કહેવામાં આવે છે; તેની નિમણુંક પણ કરવામાં આવી હોય છે. કોઈપણ કેસની માહિતી; જેને પક્ષકારોના ઘરે જઈને તટસ્તથાપૂર્વક સાચી હકીકત બહાર લાવવાનું કામ મુકાદમ કરે છે; **વિવિધ પ્રકારના કેસો :** મુખ્યત્વે ખારવા સમાજમાંથી આવતા - કેસોમાં દારૂને લગતા કેસો, મકાન - જમીનની ભાગ બટાઈના પ્રશ્નો, સામાન્ય બોલાચાલી કે, મારામારીને લગતા પ્રશ્નો જ આવતા હોય છે. આ પંચાયત મંદિરમાં માત્ર ખારવાઓ જ નહીં પરંતુ અન્ય સમાજના, જ્ઞાતિના પ્રશ્નો પણ અગાઉ અનેકવાર હલ કરવામાં આવ્યા છે. સમસ્ત બારગામ ખારવાજ્ઞાતિના વાણોટ પ્રમુખ પ્રેમજીભાઈ ખુદાઈ અને ઉપપ્રમુખ અશ્વિનભાઈ જુંગીએ જણાવ્યું હતું કે, જ્ઞાતિએકતા વધે અને અન્ય સમાજ સાથે પણ ભાઈચારા અને શાંતિથી ખારવાજ્ઞાતિ હળીમળી રહે તે માટેના સતત પ્રયત્નો છે. **ગુજરાત સમાચાર (મુંબઈ) તા. ૨૬.૯.૨૦૧૮ બુધવાર**



# ★ વાચનમાંથી તારવેલું ★★★

**- સંકલન**

દુનિયાને ઉલ્લુ બનાવનારાનોય તોટો નથી. સામાન્ય માનવીની વાત માત્ર નહીં; સારા સારા ઊંચા - મોટા માણસોય ઘણી વાર પોતાની પ્રસિદ્ધિ માટે, પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરવા માટે, મહત્ત્વાકાંક્ષાને પોષવા માટે બનાવટી જાહેરાતો, ખોટાં નિવેદનો કરી દુનિયાને ઊંધા ચશ્મા પહેરાવે છે ! આમાં નાના ગામડાથી લઈ મોટાં શહેરોનો પણ સમાવેશ થાય છે. સામાન્ય ગણાતા માનવથી લઈ વૈજ્ઞાનિક તરીકે પોતાની જાતને ગણાવનારાય છે. આવા વિજ્ઞાનીઓ ઘણાં કાર્યક્ષેત્રોમાં પ્રવૃત્તિ કરે છે.કેટલાક જૂઠા પુરાવા રજૂ કરનારાય આવો ધંધો કરે છે સસ્તી પ્રસિદ્ધિના આવા ઉપાયો પણ અજમાવે છે.

પૃથ્વીના અટપટા પ્રદેશોમાં નહીં પહોંચી શકનારો માનવ દૂર - સુદૂર 'ચન્દ્ર' ઉપર જઈ આવ્યાનો દાવો કરે છે. એની ખાતરી માટે (જૂઠા) ફોટા ય જાહેર કરે છે. નાસા (NASA) સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થયેલી ફોટા સહિતની વિગતોનો ફર્દાફાશ થયો છે. સ્ટંટ ઊભો કરવામાં થયેલી ભૂલથી આ વાત પકડાઈ ગઈ છે. ભૂતકાળમાં નાસાની સંસ્થાના જ એક વિજ્ઞાનીએ ચન્દ્રયાત્રા પરની સત્ય હકીકત જગત સમક્ષ મૂકી હતી. એ જ રીતે હમણાં પૂનાથી પ્રકાશિત 'આજ કા આનંદ' (ન્યુઝપેપર) તા.૨૩-૭-૧૮ ના અંકમાં પ્રસિદ્ધ થયેલી વાત અહીં પ્રગટ કરી છે.વાચકો વિજ્ઞાનની વાતોમાં આવીને ક્યારેક ધર્મ તરફ કે ભગવાનની સત્યની તરતી વાતો પર અશ્રદ્ધા કરે છે. તેમાંથી બચાવવા માટે વિજ્ઞાનના જુટ્ઠાણાં જણાવવા જરૂરી છે. ત્રિકાળાબાધિત સત્ય કહેનાર વીતરાગ પરમાત્મા (કવેલીભગવંત) ક્યાં ને આજના અધૂરા - છલકાતા જ્ઞાનનો ફાંકો ધરાવનારા છદ્મસ્થ વિજ્ઞાનીઓ ક્યાં ? અક્ષરશઃ આવેલી એ પેપરની વાત વાંચવાથી વિજ્ઞાનના પ્રયોગોમાંય કેટલો દંભ - પ્રપંચ અને લોકોની આંખમાં ધૂળ નાખવાનો પ્રયત્ન થઈ રહ્યો છે, તેનો ખ્યાલ આવી જ જશે. જૈન ધર્મની દૃષ્ટિએ તો ચન્દ્ર કેટલો દૂર છે ? ચન્દ્ર પર માટી વગેરે પદાર્થો છે કે નહીં ? વગેરે સ્પષ્ટ વાતો જાણવા જેવી છે. માનવ ન પહોંચી શકે, આજના યુગના હાઈસ્પીડ વાહનો ય ન પહોંચી શકે, ત્યાંની વાતો કેવલી ભગવંતે જે જોઈ, જાણી તે જૈનાગમોમાં કંડારાયેલી છે. યોગ્ય ગુરુભગવંત પાસેથી જાણશો ત્યારે આગમો પરનું બહુમાન અનેકગણું વધી જશે. અહોભાવથી મસ્તક ઝૂકી જશે.

શ્રદ્ધાનો પાયો મજબૂત થઈ જશે. નોન -ચેલેન્જેબલ જૈનશાસ્ત્રોની વાતો; વિજ્ઞાન અને વિજ્ઞાનીઓ માટે તમારા મગજમાં ગોઠવાયેલા ખોટા ખ્યાલોને સાફ કરી નાખે છે.

**- આ. વિ. ભવ્યદર્શનસૂરિ**

**पकडा गया झूठ ! चांद परपहुंचा ही नहीं था नील आर्मस्ट्रॉंन्ग ।**

**२० जुलाई १९६९ को इंसान ने पहली बार चंद्रमा पर कदम रखा. इस घटना को ४९ साल बीत चुके है. अपोलो - ११ मिशन को लीड करते हुए एस्ट्रोनॉट नील आर्मस्ट्रॉन्ग ने सबसे पहले चंद्रमा पर कदम रखने की हिम्मत जुटाई. भले ही अमरीका ने चंद्रमां पर इंसान पहुंचा देने का दावा किया हो, लेकिन जानकर हैरानी होगी कि इस बात पर आज भी कई लोगों को शक होता है ।**

**इनका कहना है कि नील कभी चंद्रमा पर उतरे ही नहीं. कुछ लोग आज भी मानने को तैयार नहीं है कि एयरोनाटिकल इंजीनियर और अमरीकी सैनिक पायलट नील आर्मस्ट्रांग ने ऐसा कोई महान काम किया था. कुछ तो ये तक कहते है कि आर्मस्ट्रांग ने चंद्रमा पर कभी कदम रखा ही नहीं. वह ऐसे कई तथ्य रखते है, जो आर्मस्ट्रांन्ग को सिलसिलेवार गलत साबित करने का दावा करते हैं ।**

**एक्सपटर्स का मानना है कि अमरीका, रुस के पहली बार स्पेस में जाने से स्पेस प्रोग्राम मे पिछड़ गया था. एसे में दुनिया के लिए (NASA) ने चांद पर जाने का नाटक रचा. एक्सपटर्स का कहना है कि ये चांद पर जाने का सारा खेल फिल्म स्टूडियो में रचा गया था. उन्होंने मिशन से जुड़ी हुई कई तस्वीरों को ध्यान से देखने पर ऐसा कहा था. दिखाई गई तस्वीरों में अमरीकी झंडा हवा में उड़ता हुए दिखाई दे रहा है. एक्सपर्ट मानते है कि चंद्रमा पर जो वायुमंडल नहीं है इस कारण झंडा यूं लहरता हुआ नहीं दिखाई दे सकता. जब लोगों का ध्यान इन बिंदुओ पर पड़ा वो उनके दीमाग में भी यह चीजे आई. सिर्फ इतना ही नही चांद पर नील आर्मस्ट्रॉन्ग के पैरों के निशान देखकर पहले लोगों को बेहद खुशी हुई थी.**

શ્રદ્ધાના ક્ષેત્રના જ એક પ્રસંગની વાત કરીએ. જ્ઞાતિની દૃષ્ટિએ ભલે એ કોમ સામાન્ય ગણાતી હોય છે. પરંતુ એ જ્ઞાતિમાંય; તેમની માન્યતા પ્રમાણેના ઈષ્ટ દેવ - ભૈરવનાથ પર તેઓ કેવી શ્રદ્ધા ધરાવે છે ? તે સમજવા જેવું છે. તેમના વડવાઓએ બે સદી પૂર્વે 'ખારવા પંચાયત મંદિર' ની સ્થાપના કરી હતી. આજે પણ તે જ સંસ્થાદ્વારા જ્ઞાતિના તમામ ઝઘડાનો ઉકેલ લાવે છે. ન્યાયમંદિર (કોર્ટ)નું



કામ તે જ કરે છે ક્યારેય તેઓ કોર્ટના કઠેડા સુધી ગયા નથી. આજના આધુનિક યુગમાં પણ આ ન્યાયપ્રથા પર સમાજને અતૂટ શ્રદ્ધા છે, વિશ્વાસ છે. અલબત્ત આ પ્રથાને તો ચાર સૈકા વીતી ગયા છે પરંતુ ન્યાયમંદિર - પંચાયતની વિધિવત્ સ્થાપના થયાને આજે ૨૦૪ વર્ષ વીતી ગયા છે. કાયદાનું જ્ઞાન લીધા પછી પણ ગોલમાલ ચાલતી હોય છે. અહીં કાયદાના જ્ઞાન લીધા વગરની વ્યક્તિ જ ચુકાદા આપે છે તે પ્રમુખની નિમણુંક ચૂંટણીથી નહીં, પસંદગીથી થાય છે મતલબ, ઈલેકશન નહીં, સિલેકશન થાય છે. આવા પ્રમુખ વર્ષો સુધી કાર્ય કરે છે. આ સિલેકશનની પ્રક્રિયામાં ખારવા સમાજના ૯ ડાયરાની ૨૭ વ્યક્તિઓ મળીને એ પ્રમુખની નિયુક્તિ કરે છે.

આજની કોર્ટોમાં કેટલાય વર્ષો સુધી કેસ ચાલે, કેટલીય મુદતો પડે.. વકીલો રાખવાના, તેમાંય સેટીંગ વગેરે થાય. પૈસાનાં પાણી કરવાના. એ કર્યા પછી પણ અન્યાય થયાના કિસ્સા બહાર આવે છે. જ્યારે આ ખારવા સમાજમાં તો વધુમાં વધુ ત્રણ જ બેઠકમાં - મુદતમાં ગમે તેવા જટિલ પ્રશ્નોના ફેંસલા કરી દેવામાં આવે છે. એ કોર્ટ (પંચાયત) મોટે ભાગે બે જ કલાક ચાલે છે. તોય જલદી - ઓછા દિવસોમાં સમાધાન - જજમેન્ટ મળી જાય છે.

આવી ન્યાય પ્રથા જો તે તે સમાજોમાં ગોઠવાઈ જાય તો પૈસાનાં પાણી થતાં બંધ થાય. કષાયો - દુશ્મનાવટ - વૈર-વિરોધ- અદાવત જેવા અનર્થોથી પણ બચી જવાય. વર્ષોનાં વર્ષો ન બગડે. ઘણી વખત તો કોર્ટ - કચેરીમાં પેઢીઓ વીતી જાય છે વાદી - પ્રતિવાદીની ગેરહયાતી સુધી ફેંસલો નથી આવતો. મર્યા પછી જજમેન્ટ આવે !

પૈસાનાં પાણી થયા પછી પણ ચુકાદો સાચો જ હોય તેવું ન કહી શકાય; તેથી જ તો નીચલી કોર્ટથી ઉપરની, એની ઉપરની એમ એક એક કોર્ટ આગળ વધવાની મજબૂરી દેખાય છે. એમાં ક્યારેક અન્યાયને ન્યાય બનાવવાની તો ક્યારેક ન્યાયને અન્યાય બનાવવાની ભાવના પણ હોય છે.

અલબત્ત, કષાયોની પરિણતિ વગર કોર્ટ - કચેરીકે પંચાયતમાં જવાની જરૂર ઊભી થતી નથી. થોડું જતું કરી લેવાની વૃત્તિ જાગી જાય, કષાયોનાં કટુફળો તરફ નજર નાખવામાં આવે તો આ પ્રવૃત્તિ ઘટ્યા વગર ન રહે.

- સંપાદક

## કાયોત્સર્ગ : કર્મસમૂહનો નાશ

**काउस्सग्गे जह सुट्ठियस्स, भज्जंति अंगमंगाइं ।**

**इय भिंदंति सुविहिया, अट्ठविहं कम्मसंघायं ।।**

વિધિપૂર્વક કાઉસ્સગ્ગમાં ઊભી રહેલી વ્યક્તિનાં અંગોપાંગ જેમ જેમ ભાંગે - દુઃખે તેમ તેમ સુવિહિત આત્માઓ આઠ પ્રકારનાં કર્મનો - કર્મસમૂહનો નાશ કરે છે. (દેહદુઃખં મહાફલંની આ સાધના છે.)